# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




ખેડામાં બપોરે ધમાકેદાર વરસાદથી નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં : વીજળી પડતાં પશુનું મોત

# ખેડા શહેરમાં સાંબેલાધાર વરસાદથી પાલિકાના પ્રિ-મોન્સૂનના ધજાગરાં થયાં

**શહેરમાં બે કલાક** સુધી વીજળીના કડાકા સાથે ભારે વરસાદ પડ્યો



તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા તા.9

ખેડા શહેરમાં બપોરના સમયે વરસાદનું ધમાકેદાર બેટીંગ જોવા મળ્યું હતું. સતત બે કલાક સુધી સાંબેલાધાર વરસાદ પડતાં નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં. જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી સામનો કરવો પડ્યો હતો.

ખેડા શહેરમાં બપોરના સમયે વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. જેમાં ખેડા બસ સ્ટેશનની સામે આવેલા મુલકી ભવનના પાર્કિંગ વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ નહી થવાના કારણે પાણી ભરાય જવાથી પાર્ક કરેલા ટુ વહીલર પાણીમાં ડૂબ્યા હતા. ભારે ગરમી અને બફારા બાદ મંગળવારે વરસાદ પડતા ગરમીમાં રાહત જોવા મળી હતી. આ વરસાદ પડવાથી ખેડૂતોના પાકને પણ જીવતદાન મળ્યું હતું.

જોકે, વીજળીના કડાકા સાથે પડેલા ભારે વરસાદના કારણે ખેડા શહેરમાં રાવજીકાકા હોસ્ટેલની અંદાજીત 50 ફૂટ લાંબી અને 6 ફૂટ ઉંચી મજબૂત દીવાલ ધારાશાયી થઈ ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર વીજળીના મોટા અવાજની સાથે જ આ દીવાલ ધરાશાયી થઈ ગઈ હતી. આ દીવાલ ઘસી પડવાના કારણે બીજી તરફ અંબિકા કોમ્પ્લેક્સમાં પાર્ક કરેલી ગાડી પર કાટમાળ પડતાં ભારે નુકશાન થયું હતું. આ ઉપરાંત તાલુકાના પરસાતજ ગામમાં વિજળી પડતાં ભાવાભાઈ બુધાભાઈ ગોહેલના ઘર પાસે બાંધેલા પશુનું મોત નિપજ્યું હતુ.

હું આણંદનો દાદો છું, મને નાણા નહીં આપે તો જાનથી હાથ ધોવા પડશે

# આણંદના માથાભારે શખ્સે વેપારી પાસે ખંડણી માંગી

**શખ્સે મળતીયા** સાથે દુકાન પર જઇ 25 હજાર માંગ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ શહેરની ગણેશ ચોકડી પર આવેલા અમૂલ પાર્લરના વેપારીને માથાભારે શખ્સે રૂ.25 હજાર માંગી મારી નાંખવાની ધમકી આપી હતી.

આણંદની ગણેશ ચોકડી પાસે દેવશીખર કોમ્પ્લેક્સમાં રહેતા હિતેશ લક્ષ્મણભાઈ ઠક્કર નજીકમાં જ અમુલ પાર્લર ચલાવે છે. તેઓને 28મીના રોજ કોલ આવ્યો હતો. આ શખ્સે ધમકીભરી ભાષામાં વાત કરતાં જણાવ્યું હતું કે, હું વિકાસ ફટાણીયા બોલું છું. તેમ કહી રૂ.25 હજારની માગણી કરી હતી. બાદમાં 30મીએ ફરી ફોન આવ્યો હતો અને હું ફટાણીયા બોલું છું. તેમ કહી અપશબ્દ બોલતાં હિતેશે ફોન કાપી નાંખ્યો હતો. દરમિયાનમાં 6ઠ્ઠી જુલાઈના રોજ બપોરના દોઢેક વાગે હિતેષની દુકાન પર અજાણ્યો શખ્સ આવ્યો હતો, તેને ધમકાવતા કહ્યું હતું કે, તને હું વારંવાર ફોન કરું છું અને મારા માગ્યા મુજબના રૂપિયા તું કેમ આપતો નથી ? તને મારો ડર નથી ? હું આણંદનો દાદો (ડોન) છું. મારૂ નામ વિકાસ ફટાણીયા છે. વિકાસે ધમકી આપી હતી કે, તું કે રૂપિયા આપતો નથી ? મારી માગણી મુજબના રૂપિયા તારે આપવા તો પડશે જ. જો તું મારા માગ્યા મુજબના રૂપિયા નહીં આપે તો તારે જીંદગીથી હાથ ધોવા પડશે. જોકે, હિતેશે શેના રૂપિયા માંગો છો ? તેમ કહેતા વિકાસે આણંદમાં ધંધો કરવો હોય તેમજ રહેવું હોય તો તારે મને રૂપિયા આપવા પડશે. જો તું રૂપિયા નહીં આપે તો ગમે ત્યાં મળીશ ત્યાં તને મારી નાંખીશ. હાલ તો તું મને રૂપિયા આપી જઈશ. તેવું સમજી હું જાવ છું. તેમ કહી જતો રહ્યો હતો. આ અંગે હિતેશ ઠક્કરે આણંદ શહેર પોલીસ મથકે વિકાસ ફટાણીયા અને અજાણ્યા શખ્સ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લુણાવાડામાં વાહન ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

**ડાંગર રોપી પરત** ફરી રહેલા યુવકને અકસ્માત નડ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.9

લુણાવાડાના ખંતના મુવાડા પાસે પુરપાટ ઝડપે જતા અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં તેના પર સવાર પંચમહાલના યુવકનું મોત નિપજ્યું હતું.

પંચમહાલના શહેરા ગામમાં રહેતા બુધાભાઈ સાલમભાઈ નાયક 8મી જુલાઈના રોજ ઘરે હતાં તે સમયે જાણવા મળ્યું હતું કે, 7મીના રોજ રાતના નવેક વાગ્યાની આસપાસ ખાતુ પગીની મુવાડા પાસે અજાણ્યા વાહન ટક્કરે નાકોડી ગામમાં કોઈનો અકસ્માત થયો છે. જેનું સ્થળ પર જ મૃત્યું નિપજ્યું છે. આથી, બુધાભાઈ તેમના પરિવાર સાથે તાત્કાલિક કોઠંબા દવાખાને ગયાં હતાં. જ્યાં જોયું તે તેમનો પુત્ર મહેન્દ્ર નાયક (ઉ.વ.31)નો મૃતદેહ હતો. આથી, ઘટના સ્થળે જઈ તપાસ કરતાં ખાતુ પગીના મુવાડા ગામમાં રોડની સાઈડમાં ગટરમાં એક બાઈક પડી હતી. જે ગામના અરવિંદ નાયકની હતી. આ બાઈક લઈ મહેન્દ્ર ફતેપુરામાં રહેતા અશ્વિન પટેલના ઘરે ગયો હતો. જ્યાં સાતેક દિવસ ડાંગર રોપવા રોકાયો હતો. બાદમાં 7મીના રોજ નાકોડી ગામમાં આવવા માટે નિકળ્યો હતો. તે દરમિયાન ખાતુપગીના મુવાડા પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં તેને માથામાં ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ અંગે લુણાવાડા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

નડિયાદ નગરપાલિકાના પ્રિ-મોન્સુનનું પાપ પોકાર્યુ

# નડિયાદમાં લાખોના ખર્ચે બનેલા રસ્તા પ્રથમ વરસાદમાં ધોવાયાં



» પીજ ગરનાળાથી ખોડીયાર તરફનો રસ્તો



» સલુણ બજાર પોલીસ ચોકી પાસે



» મિલ રોડ



» રીલાયન્સ મોલ પાસે, કિડની-વાણીયાવાડ રોડ



» પીજ રોડ



» જૂની જિલ્લા પંચાયત પાસે



» મરીડા ભાગોળ રોડ



» મિશન રોડ

નડિયાદ નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા જાહેર રોડ પર અત્યારે પાલીકાની અણઆવડત ખાડા સ્વરૂપે જોવા મળી રહી છે. આ રોડના વિકાસના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ નડિયાદ શહેરના નાગરીકોને ખાડાયુક્ત રોડના નામે કમરનો દુઃખાવો જ ભેટમાં મળી રહ્યો છે. શહેરના જુદા-જુદા વિસ્તારમાં એક પણ એવો રોડ નથી કે, જેની પર ખાડા ન પડ્યા હોય. તેમાંય હજુ તો પહેલા વરસાદ પડ્યો છે. ખૂબ સામાન્ય વરસાદ નોંધાયો છે અને વરસાદમાં સામાન્ય રીતે દેડકાં બહાર નીકળે તેવી લોક માન્યતા વચ્ચે ચોમાસામાં નડિયાદમાં નગરપાલિકાના 'આર્થિક ખાડા' બહાર આવતા હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. શહેરના માર્ગો ખાડામાં પરીવર્તીત થયા છે અને તેમાં પાણી ભરાયેલા રહે છે. આ તરફ શહેરના માર્ગો પર વરસાદી પાણીના નિકાલ માટેની અસુવિધાઓ અને રોડના લેવલીંગમાં અણઆવડત છલકાઈ રહી છે. જેના કારણે રોડની પાસેની ધારોમાં પણ દિવસોના દિવસો સુધી પાણી ભરાઈ રહે છે અને તેનો નિકાલ થતો નથી.

**તસવીર : હાર્દીક દેવકિયા**

# નડિયાદ લવાતો 1.91 લાખનો દારૂ પકડાયો

**સ્ટેટ મોનિટરીંગ સેલે** લસુન્દ્રા પાસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.9

રાજ્યની સ્ટેટ મોનિટરીંગ સેલને બાતમી મળી હતી કે, એક કાર કઠલાલના અમદાવાદ-ઈન્દોર હાઈવે પરના લસૂન્દ્રા ગામ નજીકથી પસાર થનાર છે જેમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલો છે. જેથી પોલીસના માણસો ગોઠવાયા હતા. બાલાસિનોર તરફથી શંકાસ્પદ કાર આવતા આ પહેલા હાઈવે બ્લોક કરી દીધો હતો. જેથી કારનો ચાલક પકડાઈ ગયો હતો. પોલીસે કારના ચાલકનું નામઠામ પુછતા તે મહેન્દ્ર ધનસિહ રાઠોડ (રહે.રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. વધુમાં કારની તલાસી લેતા કારમાંથી રૂપિયા 1 લાખ 91 હજાર વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ દારૂનો જથ્થો કોને ભરી આપ્યો ? તે અંગે મહેન્દ્રને પુછતા તેણે કહ્યું કે, આ દારૂ પોતાના મિત્ર વિક્રમસિહ ઉર્ફે રવિરાજના કહેવાથી રામસિંહ સિસોદીયાએ ભરી આપ્યો હતો અને દારૂનો જથ્થો નડિયાદ ખાતે ડીલીવર કરવાનો હતો. વધુમાં તે છેલ્લા એક માસથી આ કામગીરી કરે છે અને તેને એક ટ્રીપના 4 હજાર રૂપિયા મળે છે. પોલીસે આ ગુનામાં કુલ 5 આરોપીઓ જેમાં ઉપરોક્ત પકડાયેલ ઈસમ અને અન્ય બે નામ ખુલેલા આરોપીઓ અને કારનો માલિક તેમજ દારૂનો જથ્થો મંગાવનાર ઈસમ સામે ગુનો નોંધ્યો હતો.

# ખડાણા ગામના સરદારપુરાની પ્રજા રસ્તાથી વંચિત રહેતા ઉગ્ર રજૂઆત

**માંગ નહીં સ્વીકારાય** તો આંદોલનની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) પેટલાદ તા.9

પેટલાદ તાલુકાના ખડાણા ગામમાં આવેલા સરદારપુરા વિસ્તારમાં ટેલરપુરા પાટીયા તરફ જવાનો પાકો રસ્તો જ નથી. આ અંગે અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં પ્રજાની માંગ સંતોષાતી નથી. જેથી કંટાળીને આ વિસ્તારના લોકોએ પેટલાદ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી પાકા રસ્તા માટે રજૂઆત કરી હતી.

પેટલાદ તાલુકામાં ખડાણા તાબે ટેલરપુરા અને સરદારપુરા વિસ્તાર આવેલો છે. જ્યાં આશરે 50 જેટલા પરિવારો રહે છે. આ પરિવારો ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ પ્રજાને છેલ્લા 25-30 વર્ષથી પાકો રસ્તો મળ્યો નથી. આ અંગે મિતેષ ખ્રિસ્તીએ જણાવ્યું હતું કે, અમારા પરાથી ગામ આશરે બે કિલોમીટર, દૂધની ડેરી દોઢ કિમી તથા ધર્મજ હાઈ-વે તરફ આશરે એક કિમીનું અંતર છે. આ તમામ રસ્તા વર્ષોથી કાચા જ છે. અહીં છેલ્લા પાંચેક વર્ષથી પાકા રસ્તાની માંગણી લેખિત અને મૌખિક રજૂઆત કરી ચૂક્યા છે. આમ છતાં અહીંયાની પ્રજા પાકા રસ્તાથી વંચિત છે. જેથી મંગળવારે આગેવાનોએ પ્રાંત



અધિકારી પ્રજ્ઞેશ જાનીને આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી.

આ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ખાસ કરીને વરસાદના સમયે આ રસ્તા કાદવ કીચડથી ભરાઈ જાય છે. જેના કારણે બાળકોને શાળાએ જવા આવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવા પડે છે. જો કોઈ મહિલાને પ્રસુતિ માટે કે અન્ય બિમાર દર્દીને હોસ્પિટલ ઈમરજન્સી લઈ જવા હોય તો એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી. આ પરાના પશુપાલકોને સવાર - સાંજ દૂધ ભરવા ડેરીએ આવ-જા કરવામાં પણ ભારે હાલાકી ભોગવવી પડે છે. આ સમસ્યાઓ સંદર્ભે આ વિસ્તારના લોકોએ અનેકવાર ખડાણા ગ્રામ પંચાયતને પણ રજૂઆતો કરી હતી. છતાં કોઈ જ ઉકેલ નહીં આવવાના કારણે અંતે આજે પેટલાદ પ્રાંત અધિકારીને આવેદન આપી પોતાની માંગણી રજૂ કરી છે. જો સરદાર પુરાના લોકોની માંગણી વહેલીતકે પૂરી નહીં થાય તો આંદોલન કરવાની ચીમકી આગેવાનોએ ઉચ્ચારી છે.

# નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી એક લાખ રોકડ ચોરાઈ

**તસ્કરે 1.69** લાખમાંથી એક લાખ લીધા બાકીના 69 રાખી મુકતાં આશ્ચર્ય

(પ્રતિનિધિ) લુણાવાડા તા.9

લુણાવાડાના પટ્ટણ ગામમાં રહેતા નિવૃત્ત શિક્ષકના ઘરમા ત્રાટકેલા તસ્કરે ટેબલના ડ્રોઅરમાં મુકેલા રૂ.1.69 લાખમાંથી એક લાખની ચોરી કરી હતી. આ અંગે લુણાવાડા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

લુણાવાડાના પટ્ટણ ગામમાં રહેતા જયંતીલાલ સાંકળચંદ વાળંદ નિવૃત્ત શિક્ષક છે અને હાલ તેઓ દાહોદના મહુડી જોલા જોહાર નગરમાં રહે છે. દરમિયાનમાં 6ઠ્ઠી જુલાઈના રોજ જયંતીલાલ અને તેમના પત્ની મિનાક્ષીબહેન, પુત્રવધુ કોમલબહેન રજા હોવાથી વતન પટ્ટણ ગામમાં આવ્યાં હતાં. જોકે, તેમનો પુત્ર ભાર્ગવ 3જી જુલાઈના રોજ સવારના નવેક વાગે દાહોદથી ખેતીકામ કરાવવા માટે આવ્યો હતો. બીજા દિવસે પરત દાહોદ મુકામે જવાનું હોવાથી સૌ તૈયાર થયાં હતાં. આ અગાઉ જયંતીલાલે 1લી જુલાઈના રોજ સવારના સાતેક વાગ્યે તેમની પાસે રહેલા રૂ.1.69 લાખ હતાં. જે બેઠક ખંડમાં આવેલા ટેબલના ડ્રોઅરમાં મુક્યાં હતાં અને તેને લોક માર્યું હતું. તેની ચાવી ટેબલના નીચેના ખાનામાં મુકી હતી. જે પૈસા જરૂર હોવાથી તેઓએ ટેબલમાની ચાવી કાઢી ડ્રોઅર ખોલી અંદર જોતા મુકેલા પૈસામાં એક લાખ ઓછા હતાં. જ્યારે ગણતરી કરતાં માત્ર રૂ.69 હજાર રૂપિયાં હતાં. આ અંગે દિકરા તથા ઘરના માણસોની પુછપરછ કરતાં કોઈએ લીધા ન હોવાનું જણાવ્યું હતું. જેથી આસપાસ પડોશમાં પુછપરછ કરતાં તેઓએ પણ ઘરનું તાળુ તુટેલું ન હોવાનું જણાવ્યું હતું. આમ, અજાણ્યા શખ્સે ટેબલમાં મુકેલી ચાવીથી ડ્રોઅર ખોલી તેમાંથી રૂ. એક લાખ લઈ ભાગી ગયો હતો. આ અંગે લુણાવાડા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

## આણંદના રેલવે ગોદી પર ટ્રેક પર જ રેતી ભરેલું ડમ્પર પલ્ટી ગયું





આણંદ શહેરના રેલવે ગોદી પાસે આરસીસી રોડનું કામ ચાલી રહ્યું છે. આ કામના પગલે રેતી ભરેલું ડમ્પર આવ્યું હતું. આ ડમ્પર ટ્રેક ઓળંગી રહ્યું હતું તે સમયે અચાનક જ ટ્રેક પર પલટી ગયું હતું. જેના કારણે અફડા તફડી મચી ગઈ હતી. આ અંગે રેલવે વિભાગને જાણ થતાં તુરંટ ટીમ પહોંચી હતી અને ક્રેનની મદદથી ડમ્પરને બહાર કાઢવામાં આવ્યું હતું. જોકે, આ ઘટનામાં કોઇ જાનહાની કે નુકશાન થયું નહતું. **તસવીર : ફ્રાન્સીસ મેકવાન**

# નડિયાદમાં વરસાદી કાંસની સફાઈમાં કોન્ટ્રાક્ટરે વેઠ ઉતારી

**કાંસમાં ચોમાસા** દરમિયાન અસહ્ય ગંદકી ફેલાતા રોગચાળાની ભીંતિ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.9

નડિયાદમાં વોર્ડ નં.13માં આવેલા ફતેપુરા રોડ પરના વરસાદી કાંસની સફાઈ મામલે સ્થાનિકો ફરી એકવાર રોષે ભરાયા છે.

નડિયાદ નગરપાલિકા હસ્તક આવેલા વોર્ડ નં.13ના ચકલાસી ભાગોળથી ફતેપુરા રોડ પર વરસાદી પાણીના નિકાલનો કાંસ આવેલો છે. આ વરસાદી કાંસની સફાઈ માટે ચોમાસુ શરૂ થાય તેના 2 મહિના પહેલા જ સ્થાનિક અગ્રણીઓ દ્વારા નગરપાલિકાનું લેખિતમાં ધ્યાન દોરવામાં આવ્યુ હતુ. જેના પગલે નગરપાલિકા પ્રશાસને તાકીદ કરી અને કાંસ સફાઈ કરતી એજન્સી સંજય વાણિયાને આ કાંસની સફાઈના આદેશ આપ્યા હતા. જો કે, એજન્સી દ્વારા કાંસની સફાઈ શરૂ કરાવ્યા બાદ માત્ર મજૂરોને અહીંયા મૂકી દેવાયા હતા અને કોન્ટ્રાક્ટરથી માંડી નડિયાદ નગરપાલિકાના કોઈ જવાબદાર અધિકારીઓ આ વિસ્તારમાં ફરક્યા નહોતા. પરીણામે કાંસની માત્ર દેખાડા પૂરતી સફાઈ થઈ હતી. આ કાંસની અધૂરી સફાઈના પગલે સ્થાનિક અગ્રણીઓ દ્વારા ફરી એકવાર નગરપાલિકાને લેખિતમાં ફરીયાદ આપી કાંસની યોગ્ય સફાઈ માટે જણાવાયુ હતુ. પરંતુ તેમ છતાં નગરપાલિકાના અધિકારીઓની ઉંઘ ઉડી નહોતી અને કાંસની યોગ્ય સફાઈ માટે કોઈ પગલાં લેવાયા નહોતા. જેના પરીણામે હવે અહીંયા આ કાંસમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી સાથે ગંદકી મિશ્ર થતા ગંદકીમાં અસહ્ય વધારો થયો છે. તેમાંય ગટરની ગંદકીનો પણ નિકાલ થતો હોવાથી હવે કાંસની આસપાસ આવેલા રહેણાંક વિસ્તારના નાગરીકો તો તોબા પોકારી ગયા છે. તમામ પ્રકારની ગંદકીના કારણે હાલ અહીંયા અત્યંત દુર્ગંધ ફેલાઈ છે અને ગંદકીના કારણે જાત-ભાતની જીવાતો પડી છે. આ વચ્ચે લોકોના આરોગ્યને સીધી અસર થાય તેવી પરીસ્થિતિ સર્જાઈ છે અને લોકોમાં રોગચાળો ફેલાય તેવી દહેશત વ્યાપી ગઈ છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225